## –:: આંક–૧ ચાર્જસીટ લગત હુકમ ::–

(૧) સદર કામે ફરીયાદપક્ષ તરફથી આરોપી સામે આ અદાલતમાં ચાર્જસીટ રજુ થતાં, આરોપીને હાજર રહેવા સમંસ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવેલો. આ અદાલત તરફથી આરોપીને સમંસ ઈસ્યુ કરી, ફરીયાદપક્ષને બજવણી માટે મોકલવામાં આવેલો, તેમજ આરોપીને અવાર નવાર સમંસ તથા વોરન્ટ મોકલવામાં આવેલ છે. પરંતુ, આરોપીનો સમંસ/વોરન્ટ વગર બજે પરત આવેલ છે અને આરોપી મળી આવતા નથી તેવો શેરો આવેલ છે. આમ, આ કામે આરોપીને સમંસ/વોરન્ટની બજવણી અંગે ફરીયાદપક્ષને પુરતી અને વ્યાજબી તક આપેલ છે. તેમછતાં, આરોપીને સમંસ બજવણી કરી શકેલ નથી. તેમજ આરોપી સામે હાલનો કેસ સમન્સ ટ્રાયેબલ કેસ છે અને ફરીયાદપક્ષ તરફથી ચાર્જસીટ રજુ થયા બાદ, આરોપીને પ્રોસેસની બજવણી થઈ શકેલ નથી. આ ઉપરાંત, સદર કેસ દશ વર્ષ ઉપરાંતથી પેન્ડીંગ છે, તેમછતાં, ફરીયાદપક્ષ આરોપીને નામ.કોર્ટ સમક્ષ લાવી શકેલ નથી. આમ, ફરીયાદપક્ષ આરોપીને સમંસ બજવણી કરવામાં નિષ્ફળ ગયેલ હોય, ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૫૮ હેઠળ આરોપી સામેનાં કેસની કાર્યવાહી બંધ કરી, આરોપીને બિન–તહોમત છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. મુદામાલનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

મુ. વડોદરા.
તા. ૧૩/૦૭/૨૦૧૯.

૧૫ માં એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
વડોદરા.
કોડ નં.જીજે–૦૦૮૭૬